# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

હેલ, પનિહારી, પરબ, જળ ને પછી શું શું ગયું ?
વાવ, વીરડો, વ્હેણ, વાદળ ને પછી શું શું ગયું ?

બાગનો પર્યાય જો શોધી શકો તો શોધજો,
પર્ણ, ડાળી, ફૂલ, ઝાકળ ને પછી શું શું ગયું ?

કો'ક આપો આ મને મારા ખજાનાના સગડ,
શબ્દ, કીત્તો, શાહી, કાગળ ને પછી શું શું ગયું ?

- કાસમ પટેલ

## પાથેય

- રમેશ ઠક્કર

### આપણા હરખનો વરખ !

જિંદગીમાં કેટલું કમાયા એનો સરવાળો સહુ કોઇ માંડતા રહે છે..પરંતુ જીવનમાં શું ગુમાવ્યું એના વિશેની ગતાગમ સહુ કોઇને હોતી નથી..આપણી ગણતરી આમ જોઇએ તો ભૌતિક કે દુન્યવી સુખોની યાદી ઉપર આધારિત હોય છે..આપણું સુખ એટલે સોનું ! લાડી વાડી ને ગાડી ! આપણો હરખ આ ત્રણ ચીજોના ચળકતા વરખની અંદર જ સમાઇ જાય છે..અને એટલે જ એ ચળકાટ જયારે ગાયબ થાઈ જાય એ પછી દુ:ખોની જે ખરબચડી સપાટી દેખાય છે એ જોઇ આપણે હેબતાઈ જતા હોઇએ છીએ..આપણા સુખનો આધાર બીજી અનેક બાબતો હોય છે..આપણે એની દરકાર જ કરતા નથી.આપણને એવી ગતાગમ પણ હોતી નથી..એ ક્ષુલ્લક લાગતી ચીજો જ આપણા અસ્તિત્વનું અભિજ્ઞ અંગ હોય છે..એ જયારે આપણાથી દૂર થાય કે આપણે એને ગુમાવીએ છીએ ત્યારે આપણને એનો ખરેખર વિરહ સાલે છે..કોઇ કવિ જયારે આવી ચીજોની યાદી આપણી સામે મુકી આપે ત્યારે જ આપણને સમજાતું હોય છે કે આપણા સુખનાં સીમાચિન્હો કેવાં હતાં..!

જીવનનો સાચો અર્થ ગ્રામ્યજીવનમાં હતો એવું આપણને આડેધડ શહેરીકરણ કર્યા પછી સમજાય છે..કૂવા કાંઠે જોવા મળતી હેલ કે પનિહારી કે પનઘટ કે પછી પરબ જાણે ગાયબ છે..હવે છે શુષ્ક જળનું આગમન..જેની એ જીવંતતા ગુમાવ્યાનો રંજ કવિને છે.વાવ, વીરડો કે વ્હેણ શું હોય એ ઘેર બેઠાં નળ કે તૈયાર બોટલોનું પાણી પીતા પેઢીને નહીં સમજાય..આ બંને સમય જોનાર પેઢી હજુ હયાત છે..કવિની આ વ્યથા એ લોકો સારી રીતે સમજી શકે છે..

આજે તો વનરાજી ઉપર જ બધી તારાજી છે. એમાં બાગનો વૈભવ કયાંથી બચે ? બાગનો પર્યાય જ ના હોઇ શકે..ડાળખી ડુપ્લીકેટ ના હોઇ શકે. પાંદડાં પ્રાકૃતિક જ હોય અને કુંપળની કમનીયતા નસીબદાર જ જોઈ શકે..ઝાકળનું અકળ જગત જ ગાયબ છે..યાદ કરો આપણે શું શું ગુમાવ્યું છે..સર્જકની સંવેદના એને સ્પર્શે છે..

લખવાનો તો કસબ જ ખલાસ થાઈ ગયો છે..કાગળ,કલમ ,કિત્તો,શબ્દો જ ડિકશનેરીમાંથી જાણે ગાયબ થાઇ ગયા છે..આ ખજાનો તો પાછો મળવો મુશ્કેલ છે..પરંતુ એ કયાં ખોવાઈ ગયો એના સગડ મળે તો પણ આપણને ધરપત થાય..કશુંક ગુમાવવાનો રંજ જયારે વેદના બની ટપકે ત્યારે આવી અદ્ભુત રચના આપણને મળતી હોય છે...

# બહેતર છે કે ગાંધી પરિવાર સ્વેચ્છાએ હોદ્દા છોડી દે

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતમાં કોંગ્રેસીઓમાં પાર્ટી છોડી કેસરિયો ખેસ પહેરી લેવાની અને એ રીતે પોતાનું રાજકીય વજૂદ ટકાવી રાખવાની હોડ જામી છે. એક પછી એક ચાલુ અને માજી ધારાસભ્યો પાર્ટીને ચુપચાપ રામ રામ કરી 'ભાજપ શરણં ગચ્છામિ' નો રાગ આલાપી રહ્યા છે. ચૂંટણી જાહેર થશે ત્યાં સુધી કદાચ એવી સ્થિતિ સરજાય તો નવાઈ નહીં કે કોંગ્રેસ પાસે જાણીતા ચહેરા બચે જ નહીં જેથી એને પણ નવા નિશાળિયાં શોધવા પડે. ભારતીય જનતા પાર્ટીના જૂના થઈ ગયેલા ધારાસભ્યોને ટિકિટ કપાઈ જશે એવો ડર સતાવી રહ્યો છે. ત્યારે કોંગ્રેસના કન્ફર્મ ઉમેદવારો સામે ચાલીને ભાજપના ભરતીમેળામાં નામ નોંધાવી રહ્યા છે. જે ભાજપનો ખેસ પહેરે છે તે બધા ઉમેદવારો બનશે એવી માની લેવું વધારે પડતું લેખાશે. હાઈકમાંડની કૃપાદૃષ્ટિ પડે તો ઊંઘમાંથી ઉઠાડીને ટિકિટ આપી દે. આ તો લોટરી જેવું. નસીબ હોય તો લાગે - નહીંતર મૂંગા મોંએ 'ભારત માતા કી જય' બોલતા રહેવાનું. ભવિષ્યમાં એકાએક ફરતો ફરતો રાજયોગ ઊગી પણ નીકળે. જેમ મૃત્યુ નક્કી નથી હોતું એમ ટિકિટનું પણ સમજવું. કલાપીના શબ્દોમાં કહીએ તો, 'દા,દેવો હરિ હાથ છે !' કોંગ્રેસ ટકી રહેવા માટે હવાતિયાં મારે છે. એના કાર્યકરોને હવે એમના ઊજળા ભવિષ્યની આશા નથી રહી. ટિકિટ મળી પણ જાય તો જીતવાની શક્યતાઓ દિવસે દિવસે ધૂંધળી બનતી જાય છે. પ્રજામાં પાર્ટીની ઈમેજ તળિયે બેસી ગઈ છે. દુકાળમાં અધિક માસની જેમ 'આપ' ફૂટી નીકળી છે ! એને ભાજપની બી-ટીમ કહીને લોકમાનસમાં ઊભી થયેલી 'વિકલ્પ'ની કલ્પના ભૂંસી શકાય એમ નથી. 'આપ'ના નેતાઓ કોંગ્રેસને જ સાફ કરી નાખવાની હાકલ કરતા રહે છે. દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં આ પાર્ટીએ એ કામ સફળતાપૂર્વક પાર પણ પાડ્યું છે. ગુજરાતમાં એણે છોટુભાઈ વસાવાની સ્થાનિક પાર્ટી સાથે સંગઠન રચીને કોંગ્રેસની કહેવાતી આદિવાસી વોટબેંકમાં બાકોરું પાડ્યું છે. છાપ તો એવી ઊભી થાય કે 'આપ' ભાજપનો વિકલ્પ બની જાય અને કોંગ્રેસ સાફ થઈ જાય. કોંગ્રેસના દિલ્હી સ્થિત નેતાઓ નથી એમના પ્રાદેશિક આગેવાનો અને ચૂંટાયેલા ધારાસભ્યોને ભાજપનો કેસરિયો પહેરતાં અટકાવી શકતા કે નથી 'આપ' સામે ટક્કર લઈ શકતા. મોદી પોતાની વિશ્વ વ્યાપી ઈમેજના બળે દિલ્હી બેઠાં બેઠાં આખા દેશમાં ચૂંટણીનો ચહેરો બની શકે છે. એમને મહારાષ્ટ્રમાં ગડકરીના કે ઉત્તરપ્રદેશમાં રાજનાથ અથવા યોગીના નામે વોટ નથી મેળવવા. પોતાનું નામ જ કાફી છે. મધ્યપ્રદેશમાં શિવરાજસિંહને સાઈડલાઈન કરીને સિંધિયાને નહીં પણ ખુદ પોતાને જ પ્રોજેક્ટ કરવાની મંશા ધરાવતા હોઈ સાવ નગણ્ય પ્રભાવ ધરાવતા જટિયાને પાર્લામેન્ટરી બોર્ડમાં સમાવે છે. લઘુમતીના નામે એક અજાણ્યા સરદારજી પણ પસંદગી ઉતારે છે. સોનિયા - રાહુલમાં આવી ત્રેવડ નથી. તેઓ એક સાંધવા જાય છે ત્યાં તેર તૂટે છે. જી-૨૩ ગ્રૂપને સાચવી લેવાની કવાયતમાં 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવું થયું છે. ગુલામનબી આઝાદ અને આનંદ શર્મા - બેઉએ સોનિયાએ સોંપેલી કામગીરી નકારી દઈ એમના નેતૃત્વ સામે રીતસરનો પડકાર જ ફેંક્યો છે. વારંવાર હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર લેતાં વૃદ્ધ સોનિયા અને 'પપ્પુ'ની ઈમેજમાંથી બહાર નહીં આવી શકેલ રાહુલ કે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી સુકાન સોંપાયા છતાં સરિયામ નિષ્ફળ નીવડેલાં પ્રિયંકાની પરિવાર ત્રિપુટીએ પાંચેક વર્ષ આરામ પર ઉતરી જવાની જરૂર છે. એ સિવાય કોંગ્રેસ નહીં બચી શકે.

# દીપાના પપ્પાને સ્વાભાવિક દીકરીને વિદેશ ભણવવાની હોંશ પણ હતી ને ખર્ચા કેમ પૂરા કરવા તેની ચિંતા પણ હતી




'મમ્મી જો, આજે રક્ષાબંધનના દિવસે પણ ભાઈ મને પૈસા આપવામાં કંજુસાઈ કરે છે....' દીપાએ હસતાં હસતાં એની મમ્મીને ફરિયાદ કરી, આ સાંભળીને દીપાના પપ્પાએ પોતાના ખિસ્સામાંથી સો રૂપિયાની નોટ કાઢીને દીપાના ભાઈને આપી અને કહ્યું, 'લે બેટા, બહેનની લાગણીને માંગણી પુરી કર....' એટલે દીકરાએ પુરા સન્માન સાથે એના પપ્પાને કહ્યું કે, 'કૉલેજમાં ભણતા ભણતા હું જે કામ કરું છું એની બચતનના પૈસામાંથી મેં એને પચાસ રૂપિયા આપ્યા છે, હું કમાઉ અને મારી બહેનને યોગ્ય સમયે આપું... એમાં જ મારી શોભા છે...' અને બંને ભાઈ-બહેન ભેટી પડ્યા....

એ ભાઈ એટલે દીપાનો ભાઈ દીપેશ, એના મમ્મીને પપ્પાનો લાડકો દીકરો.... ગામડા ગામમાંથી એના દાદા સૌરાષ્ટ્રના મહાનગરમાં સ્થાયી થયા હતા. ભણવામાં એ ઠોઠ પણ નહિ ને હોંશિયાર પણ નહીં, મા-બાપને ચિંતા થાય કે સારું ભણશે તો જ સારી નોકરી મળશે અને સારી નોકરી મળશે તો જ સારી છોકરી મળશે.... પણ નિયતિએ કંઈ જુદું જ નિર્ધારિત કર્યું હશે.

દીપેશે કોમર્સ ગ્રેજ્યુએશન પૂરું કર્યું.... એ દરમિયાન એ એના ગૃપના મિત્રોમાંથી મળતા નાના-મોટા ધંધાના કામો કરતો થઈ ગયો. શાળામાં હતો ત્યારે પણ એક પારિવારિક સ્વજનની દુકાને કામ કરતો હતો ને પરચૂરણ કમાઈ લેતો હતો.

એનો સ્વભાવ થોડો અંતર્મુખી, બોલે ઓછું, ખુલ્લું તો કયારેક જ હસે, સહજ સ્મિત સાથે સતત કામ કરવામાં જ એને વધુ રસ હતો. કૉલેજ જાય - એ સિવાય પણ એના કામે ને મિત્રો સાથે ઘરની બહાર જ વધુ રહેતો હોય. મા-બાપ સ્વાભાવિક ચિંતા કરે કે આ કયાંક નોકરીએ જોડાઈ તો સારું... દીપેશને નાની નાની સફળતામાં રસ ન હતો, એના મનમાં એક ચોક્કસ માર્ગ સફળતાનો નિર્ધારિત કરી રાખ્યો હતો. બાંધકામ ક્ષેત્રે એણે ધીમે ધીમે પગ મૂકયો. આરંભ કર્યો સ્થાવપ મિલકતોની દલાલીમાંથી, એમાંથી આગળ વધીને પાર્ટનરશીપમાં જમીનના નાના ટુકડા ખરીદવા માંડ્યો.... થોડો નફો મળે એટલે વેચી દેવાનો એ ટુકડો.... આમને આમ પાંચ - સાત વર્ષમાં એણે ખુબ પરિશ્રમ કરીને પોતાની એક આગવી ઓળખ ઊભી કરી દીધી. એને કોઈ પણ કામ સોંપો એટલે પૂર્ણ થાય જ એવો વિશ્વાસ એણે વર્તુળના પણ સ્થાપિત કર્યો હતો. પોતાના શહેર ઉપરાંત ગુજરાતના અન્ય શહેરો અને મુંબઈ - બેંગ્લોરમાં પણ એનું કાર્યક્ષેત્ર વિસ્તરતું ગયું હતું.... મા-બાપ એને સીધું કયારેય ના કહે પણ એની પ્રગતિથી બહુ રાજી હતા...

એની બહેન દીપાએ પણ કૉલેજ પુરુ કરી દીધું અને ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા ભણવા જવાની તમન્ના હતી. એ જાણતી હતી કે પપ્પાની આર્થિક સ્થિતિ મધ્યમ વર્ગની છે એટલે ૨૦ - ૨૫ લાખનો ખર્ચો કરવો મુશ્કેલ છે - પણ દીપાએ બધો જ અભ્યાસ કરી રાખ્યો હતો. આરંભે થોડી રકમ ભરીને પછી બેંકમાંથી લોન લઈને વિદેશ ભણવાનો એનો પ્લાન ભાઈ અને પપ્પા-મમ્મી સાથે બેસીને નક્કી કર્યો હતો.... એ સમયે દીપેશ ચુપ હતો.... બધી વાતમાં હા - હા કર્યા કરે....

દીપાના પપ્પાને સ્વાભાવિક દીકરીને વિદેશ ભણવવાની હોંશ પણ હતી ને ખર્ચા કેમ પૂરા કરવા તેની ચિંતા પણ હતી.

આખરે બધી ગતિવિધિ પૂરી થઈ, ફી ભરવાનો સમય આવ્યો, સવારે નાસ્તાના ટેબલ પર બધા બેઠા હતા ત્યારે દીપાના પપ્પાએ દીકરાને કીધું કે લોન માટે એપ્લાય થયા છીએ. આજે ચેક આવશે.... ને ફી ફરી દેશું...... દીપેશે પૂછ્યું કેટલી ફી ભરવાની છે અત્યારે ? જવાબ હતો ૧૨ લાખ કુલ મળીને.... હા... હા.... કરીને એ જતો રહ્યો....

બપોર પછી જયારે દીપા અને એના પપ્પા બેન્કમાં ચેક લેવા ગયા તો મેનેજર કહ્યું કે તમારે ચેક નથી લઈ જવાનો.... આ બંનેને ચિંતા થઈ કેમ ? અને એમને સુખદ આશ્ચર્યની વાત કરી... દીપેશે ફોન કરીને એમને જણાવ્યું હતું કે લોન હવે નથી જોઈતી.... અને દીપેશે દીપાના ખાતાની અંદર પુરા બાર લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી દીધા હતા.... બાપ-દીકરી પ્રેમવશ સાવ મૌન થઈ ગયા હતા....

દીપેશને ફોન કર્યો.... ભલા માણસ અમને કહે તો ખરો.... તો જવાબ આપ્યો કે 'એમાં કહેવાનું શું હોય ? મારે મારું કામ કરવાનું હોય....'

રાત્રે સહુ ઘરે જમતા હતા ત્યારે દીપાને ગાલે વહાલથી ટપલી મારીને દીપેશે કહ્યું, 'બેનબા યાદ છે, તમે રક્ષાબંધનમાં વધુ પૈસા માંગતા હતા, હું નહોતો આપી શકતો.... મને ખબર હતી, તારે જયારે જરૂર હશે ત્યારે હું તને એટલી રકમ આપીશ.... રાજીને ?' ને બંને પ્રેમથી વળગી પડ્યા....

# એ ચાલો બક્ષીબાબુના જન્મદિને તેમને સાચા અર્થમાં જન્મદિન મુબારક કરવાનો મોકો હાથ લાગ્યો છે...




"મારા દાદા માણેકલાલ બક્ષીના હસ્તાક્ષરોમાં એક લગભગ જર્જરીત થઈ ગયેલા કાગળ પર નોંધ લખેલી છે જે મારી પાસે છે તેમની જ ભાષામાં ચંદ્રકાંત નો જન્મ સંવત ૧૯૮૮ના શ્રાવણ વદ ચોથ શનિવાર તારીખ ૨૦/૦૮/૧૯૩૨ ઈસવિના રોજ થયો છે. તેનો દાખલો ડાયરીમાં તથા તે મહિનાની નામાની ચોપડીમાં છે. બાજુમાં પિતા કેશવલાલ બક્ષીના હસ્તાક્ષરોમાં ઉમેર્યું છે પાલનપુર મુકામે." આ શબ્દો ચંદ્રકાંત બક્ષીની આત્મકથા બક્ષીનામાના પ્રથમ પ્રકરણના અંતમાં આવે છે.

જી હા ! ગત ૨૦મી ઓગસ્ટે બક્ષી બાબુનો જન્મદિવસ હતો. આજથી બરોબર દસ વર્ષ પછી તેમની જન્મ શતાબ્દી ઉજવાવાની છે, પરંતુ બક્ષીબાબુ સ્થૂળદેહે નહિ શબ્દદેહે તો આવી કંઈક સદીઓ સુધી જીવંત રહેવાના છે. શિશિર રામાવત લિખિત એકાંકી 'હું ચંદ્રકાંત બક્ષી' નાટકમાં ચંદ્રકાંત બક્ષીનો રોલ મળ્યા પછી પ્રતિક ગાંધીને જાણે બક્ષીબાબુના આશીર્વાદ મળ્યા હોય તેમ આજે બોલીવુડ અને હિન્દી સિનેમા સુધી આપણો એ ગુજરાતી છોકરો પહોંચી ગયો છે...

તેમનું કવન અતિ વિશાળ છે. અને તેમની સર્જનાત્મકતા જોઈને ચોક્કસ લાગે કે તેમનું જીવન પણ અનેક પ્રકારના ખટમીઠાં અનુભવોનું ભાથું બની રહ્યું હશે. ૧૭૦થી વધુ પુસ્તકો જેમના નામે બોલી રહ્યા છે. ૨૬ નવલકથા, ૧૫ વાર્તાસંગ્રહો, બે નાટક, ઈતિહાસ ઉપર ૧૭થી વધુ પુસ્તકો, ગુજરાત અને પ્રવાસ ઉપર, આઠ પુસ્તકો રાજકારણ ઉપર, છ પુસ્તક જ્ઞાન વિજ્ઞાન શ્રેણી અંતર્ગત ૨૫ પુસ્તકો....નિબંધ, નાટક, ટૂંકી વાર્તાઓ, આત્મકથા, નવલકથા કયા કયા ક્ષેત્રમાં તેમણે ખેડાણ નથી કર્યું?? એક ગુજરાતી લેખકનું સૌથી મોટું સન્માન એ છે કે તેમની ૧૪ નવલકથાઓ તો અન્ય ભાષાઓમાં અનૂદિત થઈ છે. હિન્દી, મરાઠી, અંગ્રેજી અને કન્નડમાં પણ.... આ સ્વમાની અને સ્વાભિમાની લેખકને અકાદમી દ્વારા બે વખત સન્માન મળે છે પરંતુ બંને વખત આ લેખક તેને ઠુકરાવે છે. ચંદ્રકાંત બક્ષીને લોકો દ્વારા જે સન્માન મળ્યું છે... લોકોનો જે અફાટ અને અતૂટ પ્રેમ મળ્યો છે તે આ સન્માનોથી ક્યાંય પરે છે.

ચંદ્રકાંત બક્ષી વાસ્તવમાં નવો ચિલો ચાતરનાર સર્જક હતા. પાલનપુરી હોવાના નાતે ઉર્દુ મિશ્રિત ગુજરાતી તેમની આગવી લેખનશૈલીનો ભાગ હતો. તેઓ કોઈપણ પ્રકારના ઢાંકપીછોડામાં માનતા ન હતા. જે હોય તે સ્પષ્ટ અને બેબાકપણે જણાવતા. કટારલેખનમાં વર્ષો સુધી તેમની પકડ રહી. નવા નવા શબ્દો બનાવવાની પણ તેમને મહારથ હતી. "એકલા"ની જેમ "બેકલા" શબ્દ તેમણે આપ્યો હતો. તેમની વાર્તાલેખનની શૈલી હટકે હતી. તેઓ વિશ્વવાચક હતા. આખા વિશ્વના સાહિત્ય, સામયિકો અને અખબારોના વાચક હતા. તે સમયે ટાંચા સાધનો વચ્ચે પણ તેઓ વિશ્વની રજેરજ માહિતીથી અવગત રહેતા હતા. કોઈને સારું લગાડવા નહીં પરંતુ પોતાની રાય સ્પષ્ટપણે મૂકવામાં તેઓ ખચકાટ અનુભવતા ન હતા વ્યક્તિકત રીતે તેમના મત સાથે કોઈને વાંધો હોઈ શકે પરંતુ તેમની લેખન પ્રત્યેની પ્રામાણિકતા વિશે કોઈને જરા પણ શંકા ન હોઈ શકે. તેઓ દિલ ફાડીને પ્રેમ કરી શકતા અને તેવી જ રીતે ભરપૂર નફરત પણ કરી શકતા. કેટલાય નવા વાચકો ગુજરાતી ભાષા પ્રત્યે ખેંચાણ અનુભવતા હોય તો તેનું એક કારણ ચંદ્રકાંત બક્ષી હતા.

કલકત્તામાં સાડીઓનો વેપાર કરવો અને કલકત્તાની એ સાડીની દુકાન પર બેઠાં બેઠાં નવલકથા લખવી. ગુજરાતી સાહિત્યના તે વખતના માંધાતાઓ વચ્ચે પોતાની નોખી જગ્યા બનાવવી તે નાની સુની વાત નથી. તેમને પોતાનામાં ભરપૂર વિશ્વાસ હતો. તેમની એક વાર્તા વિવાદોમાં ફસાઈ હતી અને એક લેખકને કાનૂની ગૂંચવાડાઓમાંથી પસાર થવું પડ્યું તેની જદ્દોજહત તેમની આત્મકથામાં તેમણે જે રીતે વર્ણવી છે તે રુવાડા ઉભા કરી દે તેવી છે.

પાલનપુરથી કલકત્તા, કલકત્તાથી મુંબઈ, મુંબઈથી અમદાવાદ.... હજારો કિલોમીટર ફેકાંતાં રહેવાનો જીવને તેમને મહાવરો આપ્યો હતો. ખૂબ લાંબી મુસાફરીઓ, વિવિધ પ્રકારના લોકો સાથેનું મિલન, જ્યાંથી નવું જ્ઞાન અને નવી વાત સાંભળવા મળે તે સ્વીકારવામાં કોઈ પણ પ્રકારનો છોછ ન રાખવાના તેમના સ્વભાવના કારણે તેમનું સાહિત્ય અદકેરું બન્યું. જીવનના વિષમ બનાવો, આર્થિક કટોકટી અને વિવિધ પ્રકારના પ્રશ્નો તેમના સાહિત્યને નીખારવા માટે ઉદ્દીપક બન્યા.

બક્ષીબાબુની આત્મકથા "બક્ષીનામા" એ કોઈ દસ્તાવેજથી કમ નથી. આઝાદી વખતનું હિન્દુસ્તાનનું ચિત્રણ... તેઓ જ્યાં જ્યાં રહ્યા ત્યાંની ભૌગોલિક, સાંસ્કૃતિક, સામાજિક પરિસ્થિતિનું ચિત્ર તેમણે બખૂબી રજૂ કર્યું છે. તેમનું બેબાકપણું વ્યવહારું જગતને ક્યાંક ક્યાંક ખુચ્યું છે, પરંતુ હંમેશા વાચકને તટસ્થ અને પ્રામાણિક બનીને... ગોળ ચટ્ટી વાતો ન કરતા તેજતર્રાર સત્ય સુણાવતા બક્ષી ગુજરાતી સાહિત્ય અને કટાર લેખનના એક સ્વર્ણીમ પૃષ્ઠમાં સ્થાન પામે છે.

આવા બેમિસાલ બક્ષીબાબુની કૃતિઓમાંથી વીણેલાં, ચુનિંદા મોતી સમાન વાક્યો-સુવાક્યોનો ખજાનો એક જ જગ્યાએ હાથ લાગી જાય એ તો લોટરી લાગવા જેવી વાત થાય ને ! હા આવી જ લોટરી આપણને લાગી છે. ભાવનગરના સાહિત્યપ્રેમી અને ઉત્તમવાચક-સર્જક એવા હિતેશભાઈ જાનીએ ચંદ્રકાંત બક્ષીને શ્રદ્ધાંજલિ આપતાં એક સુંદર પુસ્તકનું સંપાદન કર્યું છે. "ચંદ્રકાંત બક્ષીના વિચારમોતી" નામક આ પુસ્તકમાં બક્ષીબાબુની વિવિધ ૨૨ નવલકથા, ૮ જેટલી નવલિકા તેમજ વાર્તાસંગ્રહો, આત્મકથા (બક્ષીનામા) તેમજ ૧૨ નિબંધસંગ્રહોમાંથી ૬૮૭ જેટલાં વિચારમોતીઓ એકત્રિત કરીને મૂક્યાં છે. સ્વાભાવિક રીતે જ આપણને ધ્યાનમાં આવે કે આવા ઉત્તમ વિચારમોતીઓને સંચિત કરવા માટે સંપાદકે કેટલી મહેનત ઉઠાવી હશે. બક્ષીનામાની કેટલીક પંક્તિઓ આપની સમક્ષ આ ક્ષણે પીરસવાનું મન થાય છે. "ભૂતકાળે ઘાયલ કરેલો માણસ ઝઘડો કરતો નથી, ફક્ત સવાલો કરે છે. ભૂતકાળ વધે છે. સવાલો વધે છે."


"વેદના શરીરનો સૌથી પ્રામાણિક પ્રતિભાવ છે, પેટની ભૂખની જેમ." "મારા અભયે મને બુદ્ધિ આપી છે કે નહીં ખબર નથી પણ તેને લીધે મને વારંવાર અકસ્માતો થતા રહ્યા છે." આવા તો કંઈ કેટલાય વાક્ય મોતી આપણને આ પુસ્તકમાંથી પ્રાપ્ત થવાના છે. બક્ષીબાબુના ડાયહાર્ડ ફેન માટે તો આ ૩૨ પકવાનનું ભોજન જ કહેવાય....પ્રવીણ પ્રકાશનને અભિનંદન કે આવા સુંદર પ્રયોગના કર્તા બન્યા.

તો પછી રાહ શેની જુઓ છો... મંગાવો અત્યારે જ.... પુસ્તકપ્રાપ્તિ માટે આપ નીચે આપેલા બે નંબરો પર સંપર્ક કરી શકો છો.

-૯૦૩૩૫૮૯૦૯૦, ૮૭૩૪૯૧૮૮૮૮

- jayuoza@gmail.com,
Mo.9898046488

# વિનોદિકાની અઢળક બોરીઓમાંથી અલગ તરી આવેલુ એકમાત્ર આત્મકથાત્મક મોતીઓની બોરી એટલે 'ક્યાં છે મારી નદી?'






આજે વાત કરવી છે એક મઝાના વ્યક્તિની મઝાની કેફિયતની. 'ક્યાં છે મારી નદી ?' આ એક પુસ્તકનું ટાઈટલ છે. ટાઈટલ ઉપરથી સ્વાભાવિક સમજ એવી ઉદભવે છે કે, આ કોઈ ગઝલ સંગ્રહ, નવલિકા સંગ્રહ કે નવલકથા હશે. પરંતુ ના, આ ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સર્જક રતિલાલ બોરીસાગરના જીવનના કેટલક વણલખ્યા પાસાઓને અભિવ્યક્ત કરતો નિબંધ સંગ્રહ છે. જો કે, નિબંધ સંગ્રહમાંથી પસાર થતાં આ આત્મકથાત્મક લેખન છે કે નિબંધ સંગ્રહ એવી મીઠી મુંઝવણ વાંચકને જરૂર થાય. અંગત જીવનની સ્મૃતિઓને આલેખતી નિબંધોની શ્રૃંખલામાં અત્યંત નિખાલસ અને સાહજિક રીતે સર્જકની સ્મૃતિઓની રસપ્રદ ગૂંથણી છે. પોતાના અનુભવો નિખાલસ રીતે શબ્દોમાં ઉતારવા આસાન નથી. વળી આત્મકથા અનુભવવાણી બનવાના સ્થાને આત્મશ્લાઘા બની જવાનો પણ સંભવ નકારી નશકાય. આત્મકથા લેખન અને વાંચન બંન્ને એક અદભુત અનુભવ હોય છે. આત્મકથા લેખનમાં સ્વયં પ્રતિ વફાદારી મહત્ત્વની છે અને આત્મકથા વાંચનમાં પ્રેરણાત્મક કથા જીવનમાં ઉતારવાનું મહત્ત્વ છે.

૩૧ ઓગસ્ટ, ૧૯૩૮ના રોજ સૌરાષ્ટ્રના સાવરકુંડલામાં જન્મેલા રતિલાલ બોરિસાગરે એમ.એ., બી.એડ. કર્યા બાદ ૧૯૮૯માં સાહિત્યિક સંપાદન : વિવેચનાત્મક અધ્યયન વિષય પર ડૉક્ટરેટની પદવી મેળવી છે. એમણે શિક્ષક, પ્રોફેસર, સરકારી ઓફિસર જેવી નોકરીઓ કરી છે. વર્ગ એકના ગેઝેટેડ ઓફિસર તરીકે ગુજરાત સરકારના ઉચ્ચ હોદ્દા ઉપર પણ તેઓ રહ્યા હતા. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદના વહીવટી મંત્રી તરીકે સેવાઓ આપી છે. તેમની મરકમરક, આનંદલોક, અર્વાચીન ગુજરાતી હાસ્ય રચનાઓ, સંભવામિ યુગે યુગે લઘુનવલ તથા બાલ વન્દના નામે બાલસાહિત્ય વાંચકોના માનસપટ ઉપર સદાય રમતા હોય છે.

આમ તો રતિલાલ બોરીસાગરની વિનોદિકા ગુજરાતી વાંચકોના મનમાં ઉંડે સુધી વસેલી છે. પરંતુ આજે એમના જીવનપટના અનેક નાના મોટા મહત્વપૂર્ણ પ્રસંગો અને ટર્નીંગ પોઈન્ટ્સને સરળતાથી પ્રસ્તુત કરતુ વિચારપ્રેરક પુસ્તક ક્યાં છે મારી નદી ? ની વાત માંડવી છે. આ પુસ્તકના લેખનના આરંભની વાત પણ કોઈ ચિત્રપટની રસપ્રદ કથાનક જેવી છે. વર્ષ ૧૯૯૮માં ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળમાંથી નિવૃત્તિ બાદ સર્જક દિલાવરસિંહજી જાડેજાના સહાયક તરીકે વર્ષ ૨૦૦૫ સુધી અખંડઆનંદ પ્રકાશનના સંપાદનકાર્યમાં જોડાયા હતા. એ સમયે દિલાવરસિંહજીએ એમને અખંડ આનંદના દીપોત્સવી અંક માટે વિનોદિકા નહીં પણ અન્ય કોઈ સાહિત્ય સ્વરૂપમાં એમની કલમ પ્રસાદી લેવાની ઈચ્છા વ્યક્ત કરી.

દિલાવરસિંહજી ઈચ્છાને માન આપીને રતિલાલ બોરીસાગરે એમના અંગત જીવનની સ્મૃતિઓથી સભર 'આંબલી શેરી' નિબંધ લખ્યો. ત્યાર બાદ દિલાવરસિંહજીના નિધન પછી એમણે અખંડ આનંદના સંપાદન કાર્ય છોડ્યું. એટલે સ્વાભાવિક રીતે જ આત્મકથાત્મક નિબંધની યાત્રાએ ત્રણેક લેખો બાદ વિરામ લીધો. ત્યારબાદ એમના હાસ્ય રસના પુસ્તકો પ્રસિદ્ધ થતા રહ્યા. પરિણામે એમની અંગત કથાના નિરૂપણ કરતા પ્રસંગોના નિબંધોના લેખનનું કામ અટકી પડ્યું. છેક વર્ષ ૨૦૨૦માં એમને અંગત નિબંધો ઉપર પુસ્તક તૈયાર કરવાનો વિચાર સ્ફૂર્યો. અને પછી લખાયા કોલેજ કાળ અને છાત્રાલયના સંસ્મરણોનું લેખન. આમ 'ક્યાં છે મારી નદી ?' પુસ્તક અવતર્યું.

બે ભાગમાં પથરાયેલા સંસ્મરણોનાં પ્રથમ ભાગમાં માત્ર સંવેદનાને ઉજાગર કરતા નિબંધો છે. જ્યારે બીજા ભાગમાં કોલેજ-છાત્રલય જીવન અને આત્મકથાત્મક નિરૂપણમાં સર્જકની સંવેદનશીલતા અને સંસ્મરણો અભિવ્યક્ત થતા જોવા મળે છે. દસ નિબંધોના સંગ્રહના આ પુસ્તકના પ્રથમ વિભાગમાં મૂકાયેલા આંબલી શેરી, ક્યાં છે મારી નદી ?, મારુ વ્યાયામ મંદિર, કક્કો બારાખડી તથા આંક-પલાખાનાં દિવસો, હાઈસ્કૂલ એમ પાંચ નિબંધોમાં સર્જકની જે તે સ્થળ સાથેની લાગણીઓ અને એમનુ તાદાત્મ્યને સુપેરે અભિવ્યક્ત કરે છે. આ તમામ સ્થળો વાંચકની નજર સામે ખડા થઈ જાય એવી સંવેદનાસભર રીતે આલેખન થયું છે. સર્જક સ્વયં કહે છે કે, 'આ લેખો લખતી વખતે એ સમયને જાણે હું ફરી જીવ્યો છું. મારી આંબલી શેરી, મારી નાવલી નદી, મારુ વ્યાયામ મંદિર, મારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ મારી ચેતનામાં આવા ને આટલા એકરસ થઈ ગયા છે એની ખબર મને આ લેખો લખાયા ત્યારે જ પડી !'

જે આંબલી શેરીની ધૂળમાં એમણે પહેલ વહેલી પાપા પગલી માંડી એ શેરીમાં ગીલ્લી દંડા, કોડી, કુંડાળા કુદ જેવી રમતોના સંસ્મરણોના શબ્દો વાંચકના હૃદયમાં ઊંડે સુધી ઉતરી જાય એવા છે. શેરીની ફરતી ગરબીનો પ્રસંગ ચિત્તમાં ચોંટી જાય એ રીતે નિરૂપાયો છે. સાવરકુંડલાની નાવલી નદીના વૈભવને માણતા જાણે એમ થાય કે વાચક નાવલીના પાણીમાં ધુબાકા મારી મોજ લેતો ન હોય ? ઉચ્ચ શિક્ષણ માટે કોલેજમાં કપડા કરતા સર્જનશક્તિને કેવો ઓપ મળ્યો એનું વર્ણન રૂવાડા ખડા કરી નાખે એવું છે. દાયકાઓ પૂર્વે કોલેજમાં જુનિયર સિનિયર વિદ્યાર્થીઓના પરસ્પર સંબંધોમાં આજના કોલેજીયન અને એ સમયના કોલેજીયનની વર્તણૂંકની જાણે અજાણે સરખામણી થયા વગર ન રહે. શાળા અને કોલેજના ગુરુઓના સંસ્મરણો સર્જકે બખૂબી વર્ણવ્યા છે.

કોલેજમાં એક વખત પ્રોફેસરે એમને ચાલુ કલાસે અપમાન કરીને કાઢી મૂક્યા ત્યારે એમની મન:સ્થિતિનું નિરૂપણ આંખોના ખૂણા ભીના કરી દે એવું છે. જેમના અનેક હાસ્ય લેખોના પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે એવા રતિલાલ બોરીસાગરનું અંગત નિબંધોનું એક માત્ર પુસ્તક સર્જકની વિનોદવૃત્તિથી વિપરીત આત્મકથાત્મક નિબંધો તેમની નોખી-અનોખી પ્રતિભાનો પરિચય આપે છે.

રતિલાલ બોરીસાગરના પુસ્તક 'ક્યાં છે મારી નદી ?'માંથી પસાર થતા એવું ચોક્કસ લાગે કે જીવનના પાસાઓની પ્રતિ એમણે પ્રામાણિક પ્રસ્તુતી કરી છે. જગતમાં એવી કોઈ વ્યક્તિ નથી કે જેના જીવનના કોઈ નબળી ક્ષણ આવી જ ન હોય. જીવન માત્ર બ્લેક એન્ડ વ્હાઈટ નથી હોતું. એમાં વત્તા ઓછા પ્રમાણમાં ગ્રે શેડ પણ હોય જ. મહદંશે આવા ગ્રે શેડ આત્મકથામાં સ્ટાઈલથી સાઈડ લાઈન થઈ જતા હોય છે. જો કે, રતિલાલ બોરીસાગરે શાળા કે કોલેજમાં થયેલી એમની ઠઠ્ઠા મશ્કરી, અભ્યાસ માટે આર્થિક મુશ્કેલી એમનો અતિ સામાન્ય દેખાવ અને શરીરના કારણે અનુભવાયેલી તકલીફો બેબાક રીતે એમના નિબંધોમાં વ્યક્ત કરી છે.

સૌથી મહત્વની વાત એ છે કે પ્રસ્તુત પુસ્તકમાં રતિલાલ બોરીસાગરે લખેલા પ્રત્યેક નિબંધના એકે એક શબ્દમાં એવું ભાસે છે કે જાણે તેમના જીવનમાં હજુ ગઈકાલે જ આ ઘટના બની ન હોય ? એમના પરિવારજનો, શિક્ષકો, મિત્રો શેરીના પડેશીઓ બધાના નામ અને પ્રસંગ એમના માનસપટ ઉપર તરોતાજા લાગે છે. વ્યક્તિ જ્યારે આત્મકથા માંડે છે ત્યારે એમાં સ્વયંનો ઈતિહાસ આલેખે છે. એમાં પોતાના ગમા અણગમા શાહીમાંથી ટપકતા હોય છે. પરંતુ આ બધા ઉપરાંત વિચારોનો શબ્દાવતાર થતો હોય ત્યારે સત્ય ઉપર ક્યારેય ઢાંકપીછોડો ન થાય તો આત્મકથા સત્યામૃત જેવી લાગે. જેમ કોઈપણ ડાઘ વગરનું જીવન જીવવું કપરૂ છે એમ કશુ પણ ઢાંક્યા વગર આત્મકથાત્મક લેખન પણ મુશ્કેલ છે.

શબ્દ ચોર્યા વગર અને પ્રસંગના મઠાર્યા વગર સ્પષ્ટ, સીધુ અને પારદર્શક અનુભવ લેખન 'ક્યા છે મારી નદી?'નું પ્રકાશન ગૂર્જર ગ્રંથ દ્વારા કરવામાં આવ્યું છે. મેં વાંચેલી થોડી ઘણી ઓટોબાયોગ્રાફીમાં રતિલાલ બોરીસાગરની આ ઓટોબાયોગ્રાફી તો ન કહી શકાય પરંતુ આત્મકથાત્મક નિબંધનું આ પુસ્તક સીધે સીધું હૃદય સોંસરવું ઉતરી ગયું છે. પ્રત્યેક પ્રસંગ રસગુલ્લાની જેમ ગળા નીચે ઉતરી જાય છે. 'ક્યાં છે મારી નદી ?' વાંચીને પર્સનલ લાઈબ્રેરીમાં સ્થાન આપવા જેવું છે. સામાન્ય રીતે આત્મકથામાં આત્મકથાકારને ઉપર ઉઠાવવા બીજા અનેક રંગો ભેળવીને એને રંગીન બનાવવામાં આવતી હોય છે. મેં ક્યાં છે મારી નદી ?માં આ પ્રકારના તત્વને શોધવાની મથામણ ચોક્કસ કરી પરંતુ મને એ તત્વ ક્યાંય ન જડ્યું. ભૂલો, તકલીફો, ફજેતા, નીચાજોણી વાતો પણ રતિલાલ બોરીસાગરે તેમના પુસ્તકમાં શબ્દો ચોર્યા વગર બેબાક રીતે વર્ણવી છે.

**ધબકાર :**

ઠાલા વિચારોથી મુક્ત અને સંસ્કારોથી જોડાયેલું નિરુપણ બીજા માટે દીવાદાંડીરૂપ બની જતું હોય છે.